www.kamalamgujarat.com
Tuesday
03.11.2020
*Volume :5 * Issue No. 79
Email.: kamalamgujarat@gmail.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)




ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...
# કમલમ્
ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
GUJGUJ/2016/73451
*Managing Editor: Arjun Sondarva *Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-

### ૧૮.૭૫ લાખ મતદાતા પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે

# પ્રતિષ્ઠાનો જંગ: આજે રાજયની આઠ વિધાનસભાની બેઠકો પર મતદાન

## અબડાસા,ધારી,લિંબડી,મોરબી,ધારી,ગઢડા,ડાંગ અને કપરાડા સીટ પર મતદાન યોજાશે





કમલમ દૈનિક, ગાંધીનગર, ગુજરાતમાં ચૂંટણી પ્રચાર થમી ગયો છે. આજે એટલે કે ૩ નવેમ્બરે ગુજરાતની ૮ વિધાનસભા સીટ પર પેટાચૂંટણી થનાર છે. મંગળવારે થનાર ચૂંટણી માટે કુલ ૧૦૨ નામાંકન દાખલ થયાં હતાં, જેમાંના ૨૧ નામાંકન અંતિમ દિવસે પાછા ખેચી લેવામાં આવ્યાં. આવી રીતે ૮૧ ઉમેદવારો હવે ચૂંટણી મેદાનમાં છે. આ ઉપરાંત ૫૨ અપક્ષ ઉમેદવારો પણ ચૂંટણી મેદાનમાં છે.

જે આઠ વિધાનસભા સીટ પર મતદાન થવાનું છે તેમાં કચ્છની અબડાસા, સુરેન્દ્રનગરની લિંબડી, મોરબી, અમરેલીની ધારી, બોટાદની ગઢડા, ડાંગ અને વલસાડની કપરાડા સીટ છે. હજી બે સીટ દ્વારકા અને મોરવા હડફ ખાલી પડી છે પરંતુ કોર્ટમાં મામલો લંબિત પડ્યો હોય આ બે સીટ પર ચૂંટણીની ઘોષણા થઈ શકી નથી.

આ સીટો પર ૧૮ લાખ ૭૫ હજાર ૦૩૨ મતદાતા છે, જેમાં ૯,૬૯,૮૩૪ પુરુષ અને ૯,૦૫,૧૭૦ મહિલાઓ અને ૨૮ થર્ડ ઝેન્ડર સામેલ છે. ૧૮૦૭ મતદાન સ્થળો પર ૩૦૨૪ કેન્દ્ર બનાવવામાં આવ્યાં છે. ભારતીય ચૂંટણી પંચના નિર્દેશાનુસાર પ્રત્યેક મતદાન કેન્દ્ર પર મહત્તમ ૧૫૦૦ મતદાતાઓને બદલે માત્ર ૧૦૦૦ મતદાતા સંખ્યા છે. મતદાન કેન્દ્રો પર ૪૧૯ માઈક્રો ઑબ્જર્વર છે. મતદાનના દિવસે નવ સો મતદાન કેન્દ્રોથી લાઈ વેબકાસ્ટિંગ થશે.

ખર્ચ નિરીક્ષણ માટે ૨૭ ફ્લાઈંગ સ્કવૉડ, ૨૭ સ્ટેટિક સર્વેલાંસ ટીમ બનાવવામાં આવી છે. સ્ટેટિક સર્વેલાંસ ઉપરાંત ૧૮ વીડિયો સર્વેલાંસ, ૮ વીડિયો વ્યુઈંગ ટીમ અને આઠ હિસાબી ટીમ અને ૮ સહાયક ખર્ચ નિરીક્ષક છે. ચૂંટણી ખર્ચ પર નિયંત્રણ ટીમ અને આબકારી અને નસાબંધી વિભાગે એક નવેમ્બર સુધી એક કરોડ રૂપિયાનો દારૂ જપ્ત કર્યો છે. જ્યારે ભરૂચમાં ૨૫ લાખ રૂપિયા જપ્ત કર્યા. જેની પોલીસ અને આવકવેરા વિભાગ તપાસ કરી રહી છે.

કોંગ્રેસ અને ભાજપ જેવા પ્રમુખ રાજનૈતિક દળોએ સામાન્ય સભાઓ અને ઘરે ઘરે જઈ મતદાતાઓને લોભાવવાની કોશિશ કરી. સાથે જ પ્રચાર માટે સોશિયલ મીડિયાનો પણ સહારો લીધો. આ વિધાનસભા પેટાચૂંટણીમાં જ્યાં કોંગ્રેસે પોતાના સ્થાનિક નેતાઓને ચૂંટણી પ્રચારમાં ઉતાર્યા છે, ત્યાં જ ભાજપે મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી ઉપરાંત મંત્રિમંડળના સભ્યો અને કેટલાય કેન્દ્રીય મંત્રીઓને પ્રેચારમાં ઉતારી દીધા હતા. ઉલ્લેખનીય છે કે રાજ્યસભા ચૂંટણી પહેલાં આઠ સીટ પર કોંગ્રેસના ધારાસભ્યોએ રાજીનામાં આપી દીધાં હતાં. જેને પગલે આ પેટાચૂંટણી કરાવવી પડી રહી છે.

★ કુલ મતદારોની સંખ્યા ૧૮,૭૫,૦૩૨

★ ૧૮૦૭ મતદાન સ્થળો પર મતદાન મથકો કરાયા તૈયાર

★ હરીફ ઉમેદવારોની સંખ્યા ૮૧

★ ૪૧૯ માઈક્રો ઓબ્ઝર્વર, ૩૨૪ સેક્ટર ઓફિસર, ૮ જનરલ ઓબ્ઝર્વર, ૮ ખર્ચ ઓબ્ઝર્વર નિમાયા

★ ૯૦૦ મથકો એથી લાઈવ વેબકાસ્ટ કરાશે

★ ૩૪૦૦થી વધુ થર્મલ ગનથી મતદારોનું ચેકિંગ

★ સ્ટાફ-મતદારો માટે મોટા ફેસ શિલ્ડ, ફેસ માસ્ક, પીપીઈ કિટ્સની વ્યવસ્થા કરાઈ.



મેજર જનરલ વિજયકુમાર શર્મા, એસ.એમ.જનરલ ઓફિસર કમાન્ડિંગ અને સીમા સુરક્ષા બલના મહાનિર્દેશક શ્રી રાકેશ અસ્થાનાની રાજયપાલશ્રીની શુભેચ્છા મુલાકાતે

# અબડાસા બેઠક પર પ્રચંડ જીતનો વિશ્વાસ વ્યકત કરતા જિલ્લા ભાજપ અધ્યક્ષ આ વખતે અબડાસાની પરંપરા તૂટશે: કેશુભાઈ પટેલ



કમલમ દૈનિક,

કચ્છ જિલ્લા ભાજપ અધ્યક્ષ કેશુભાઈ પટેલે અબડાસા વિધાનસભા પેટા ચુંટણીમાં ભાજપના ઉમેદવાર પ્રધ્યુમનસિંહ જાડેજા પ્રચંડ સરસાઈથી જીતીને આ વખતે અબડાસાની નો રીપીટની પરંપરાને નિશ્ચિતપણે તોડશે એવો દ્રઢ વિશ્વાસ વ્યકત કર્યો હતો વધુમાં તેમણે જણાવ્યુ હતું કેલ પ્રધ્યુમનસિંહે હર હંમેશ અબડાસાની જનતાની ચિંતા કરી છે અને વિધાનસભામાં પણ અબડાસાના નાનામાં નાના પ્રશ્નોને યાદ કરીને ભારપૂર્વક રજૂઆતો કરી છે કચ્છીઓના વતન પ્રેમના ઉજળા વારસાને આગળ વધારતા પ્રધ્યુમનસિંહે અબડાસાના નાનામાં નાના માણસ પ્રત્યે સદાય સંવેદના અને અનુકંપા દર્શાવી છે અને તેમના આ સદગુણોના પરિણામ સ્વરૂપે તેઓ અબડાસાની જનતા તરફથી અઢળક પ્રેમ પણ પામ્યા છે વધુમાં કેશુભાઈ પટેલે જણાવ્યું હતું કેલ પ્રધ્યુમનસિંહ જાડેજા સહિત સમગ્ર કચ્છ જિલ્લા ભાજપની વિશેષ રજૂઆતોના પગલે અબડાસાની જનતાના યક્ષ પ્રશ્નો જેવા કેલ નખત્રાણા જીએમડીસી કોલેજલ નખત્રાણા એપીએમસી અને કોઠારા આઈટીઆઈ બાબતે રાજયના સંવેદનશીલ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ આ રજૂઆતો સાંભળી તાત્કાલીકપણે તેના પડઘા સ્વરૂપે અબડાસાની જનતાની દીર્ઘ સુખાકારી ધ્યાને રાખીને હારાત્મક ઉકેલ આણ્યો છે જે પ્રધ્યુમનસિંહના હૈયામાં અવિરત ધબકતી અબડાસાની જનતાના હિત અને ઉન્નતિ માટેની પ્રબળ ઈચ્છા શકિતને આભારી છે રાષ્ટ્રના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તેમના નેતૃત્વ હેઠળ તમામ સ્તરની નેત્રદિપક કામગીરી દ્વારા આ મહાન રાષ્ટ્રને તમામ ક્ષેત્રે પ્રગતિના પંથે વેગવંતુ બનાવીને મા ભારતીને વિશ્વગુરૂના ગરવા સ્થાન પર પુનઃ પ્રસ્થાપિત કરવા કમર કસી છે ત્યારે રાજયની વિજયભાઈ રૂપાણીની સરકાર પણ ગુજરાતમાં નરેન્દ્રભાઈએ કંડારેલી વિકાસ કેડી પર બખૂબી આગળ વધીને ગુજરાતને ગૌરવભેર આગળ લઈ જઈ રહી છે ત્યારે કેન્દ્ર અને રાજય સરકારની વિકાસયાત્રામાં સહભાગી બનવા અને આ થકી અબડાસાના વિકાસને પૂર્ણ પણે ધબકતું કરવાના આશય માત્રથી પ્રધ્યુમનસિંહ ભાજપમાં જોડાયા છે ત્યારે અબડાસાની શાણી જનતા એમના નર્ણયિને યથાર્થ ઠેરવીને તેમને જંગી બહુમતીથી વિજયી બનાવી અબડાસાની જનતાની સેવા કરવાની પુનઃ એક વખત તક આપશે એ બાબતમાં શંકાને કોઈ સ્થાન નથી અંતમાં અબડાસાવાસીઓને આવતીકાલે યોજાનાર પેટા ચુંટણીમાં કોરોનાને ધ્યાનમાં રાખીને માસ્ક અને સોશ્યલ ડીસ્ટન્સીંગ સહિતની કાળજીઓ રાખીને અચૂકપણે મતદાન પ્રક્રિયામાં જોડાઈને લોકશાહી પરંપરાને વધુ મજબૂત કરવા અનુરોધ કર્યો હોવાનુ કચ્છ જિલ્લા ભાજપ મીડીયા ઈન્ચાર્જ ઘનશ્યામ રસિકલાલ ઠકકરની યાદીમાં જણાવાયું હતું

# ગુજરાત સરકારની ૨૦૨૧ન વર્ષની સરકારી રજાઓની યાદી જાહેર




કમલમ દૈનિક, ગાંધીનગર,

રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૧ની જાહેર રજાઓનું લિસ્ટ જાહેર કરવામાં આવ્યું છે. રાજ્યના સામાન્ય વહીવટ વિભાગે આ જાહેરાત કરી છે. જેમાં ૨૨ દિવસની જાહેર રજાઓ જાહેર કરી છે, જ્યારે ચાર રજા રવિવારે આવતી હોવાથી જાહેર કરવામાં આવી નથી. આ સિવાય શનિ અને રવિવારે કુલ ૭ જાહેર રજાઓ આવી રહી છે.

રવિવારે આવનાર રજાઓમાં મહાવીર જન્મ જયંતિ (૨૫ એપ્રિલ ૨૦૨૧, રવિવાર), સ્વતંત્રતા દિવસ (૧૫ ઓગસ્ટ, રવિવાર), રક્ષા બંધન (૨૨ ઓગસ્ટ, રવિવાર) અને સરદાર વલ્લભભાઈ પટેલ જન્મજયંતિ (૩૧ ઓક્ટોબર, રવિવાર) આ ચાર જાહેર રજાઓ રવિવારના દિવસે આવે છે. આ ચાર રજાઓ રવિવારના દિવસે આવતી હોવાથી તેને જાહેર રજાઓની લિસ્ટમાં સમાવેશ નથી કરાયો. જોકે, શનિવારે આવતી રજાઓને ૨૨ રજાઓના લિસ્ટમાં સામેલ કરાઈ છે. જ્યારે શનિવારે આવનાર રજાઓમાં ગાંધી જયંતિ( ૨ ઓક્ટોબર, શનિવાર), ભાઈબીજ ( ૬ નવેમ્બર , શનિવાર) અને ક્રિસમસ (૨૫ ડિસેમ્બર, શનિવાર) આ ત્રણ જાહેર રજાઓ આવે છે.

ગુજરાત સરકારે ૪૪ મરજીયાત રજાઓની પણ જાહેરાત કરી છે. જેમાં પણ આઠ રજાઓ રવિવારના દિવસે આવતી હોવાથી તેને મરજીયાત રજાના દિવસ તરીકે જાહેર કરવામાં આવી નથી. સરકારી કર્મચારીઓ પોતાની પસદંગી પ્રમાણે ધાર્મિક બાધ વિના તેહવારના પ્રસંગોમાં વધુમાં વધુ બે મરજીયાત રજાઓ ભોગવી શકશે. જેના માટે કર્મચારીએ અગાઉતી લેખિત અરજી કરવી જોઈશે અને જેને યોગ્ય અધિકારી સરકારી કામકાજની અગત્યતા જોઈને પરવાનગી આપશે.

# આજથી સ્ટેચ્યુ ઓફ યુનિટી પુનઃ પ્રવાસીયો માટે મુકાશે ખુલ્લું

## પ્રથમ દિવસની ૫૦૦થી વધુ એડવાન્સ ટિકિટ બુક થઈ

કમલમ દૈનિક, કેવડીયા,

રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી સાથે પ્રધાન મંત્રી નરેદ્ર મોદીએ ૧૭ જેટલા પ્રોજકટનું લોકાર્પણ કરીને કેવડિયા પ્રવાસન ધામને ખુલ્લું મૂક્યું છે. આગામી ૩ નવેમ્બરથી તમામ પ્રોજેક્ટ પ્રવાસીઓ માટે ખુલ્લા થઈ જશે. જેના માટે ઓનલાઈન ટિકિટ બુકિંગ શરૂ કરી દેવામાં આવ્યું છે. પ્રવાસીઓ દિવાળીની રાજાઓમાં કેવડિયા પ્રવાસન ધામ ખાતે આવે તેવું તંત્ર દ્વારા આયોજન કરવામાં આવી રહ્યું છે. હોટેલ અને ટેન્ટ સીટી સંચાલકો પણ પ્રવાસીઓને આવકારવા સજ્જ બન્યા છે.

સ્ટેચ્યુ ઓફ યુનિટીના ૩ નવેમ્બરના પાંચ સ્લોટમાં ૫૦૦ થી વધુ ટિકિટ અત્યારથી જ બુક થઈ ગઈ છે.સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે ૩ નવેમ્બરે સ્ટેચ્યુ ઓફ યુનિટી પર પ્રવસીઓ બુક કરાવી રહ્યા છે. બે સ્લોટ પેક પણ થઈ ગયા છે. હવે પ્રવાસીઓ સી-પ્લેન મારફતે પણ કેવડિયા ફરવા આવશે. આમ રોડ, હવાઈ બંને રીતે પ્રવસીઓ આવી શકશે. આગામી સમયમાં ટ્રેન પણ શરૂઆત થશે. ત્યારે પણ પ્રવસીઓની અવર જવર જોવા મળશે.

### અલ્હાહાદ હાઈકોર્ટના મોટો ચુકાદો

# પુખ્ય વયના છોકરા-છોકરી પોતાની મરજીથી ગમે તેની સાથે રહી શકે છે

કમલમ દૈનિક, અલ્હાબાદ,

અલ્હાબાદ હાઈકોર્ટે પોતાના એક મહત્વના ચુકાદામાં કહ્યું છે કે પુખ્ત વયનો છોકરો અને છોકરી પોતાની મરજીથી પસંદના કોઈપણ વ્યક્તિ સાથે રહી શકે છે. તેના જીવનમાં હસ્તક્ષેપ કરવાનો કોઈને અધિકાર નથી. હાઈકોર્ટે કહ્યું કે જો કે બંધારણ પ્રત્યેક વ્યક્તિને પોતાની પસંદનો ધર્મ અપનાવવાનો અધિકાર આપે છે, પરંતુ ફક્ત લગ્ન માટે ધર્મ પરિવર્તન કરવામાં આવી રહ્યો છે, જે ખોટુ છે.

હાઈકોર્ટે પોતાના ચુકાદામાં કહ્યું છે કે સ્પેશિયલ મેરેજ એક્ટ અંતર્દગત ધર્મ પરિવર્તન કર્યા વિના બે ધર્મોને માનતા લોકો લગ્ન કરીને વૈવાહિક જીવન પસાર કરી શકે છે. આ કાયદો તમામ ધર્મને માનનારાઓ પર લાગુ છે. તેમ છતાં લોકો લગ્ન કરવા માટે ધર્મ પરિવર્તન કરી રહ્યા છે, તે યોગ્ય નથી.

કોર્ટે વિપરિત ધર્મોની પિટિશનને પોતાની મરજીથી ગમે ત્યાં, ગમે તેની સાથે રહેવા માટે સ્વતંત્ર કરી દીધી છે. આ આદેશ જસ્ટિસ જેજે મુનીરની સિંગલ બેચે સહારનપુરની પૂજા ઉર્ફે ઝોયા તથા શાહવેઝની પિટિશન પર આપ્યો છે.

જણાવી દઈએ કે પૂજાએ ઘરેથી ભાગીને શાહવેઝ સાથે લગ્ન કરી લીધાં. જ્યારે પરિવારને આ અંગે જાણ થઈ તો તેને પકડી લાવ્યા અને ઘરમાં નજરકેદ કરી દીધી. જેના પર આ અરજી દાખલ કરવામાં આવી. કોર્ટે ૧૮ વર્ષીય પૂજાને હાજર કરવાનો આદેશ આપ્યો. પિતા દ્વારા પૂજાને હાજર કરવામાં ન આવતા એસપી સહારનપુરને પૂજાને હાજર કરવાનો આદેશ આપવામાં આવ્યો. કોરોના રિપોર્ટ આવ્યા બાદ કોર્ટમાં હાજર થયેલી પૂજાએ કહ્યું કે તે પોતાના પતિ સાથે રહેવા માગે છે. કોર્ટે યુવતીના નિવેદનના આધારે તેને પોતાની મરજીથી જવા માટે સ્વતંત્ર કરી દીધી.

### રૂપાણીએ મહત્ત્વપૂર્ણ નિર્ણય

# રાજયમાં હવે લગ્ન સમારંભમાં ૨૦૦ લોકો હાજર રહી શકશે



કમલમ દૈનિક, ગાંધીનગર,

રાજ્યમાં કોરોનાના કારણે હવે લગ્ન પ્રસંગો કેન્દ્રની ગાઈડલાઈન્સ મુજબ થઈ રહ્યા છે, પરંતુ એમાં અત્યારસુધી ૧૦૦ લોકોની મર્યાદા નિર્ધારિત કરાઈ હતી. જોકે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ મહત્ત્વપૂર્ણ નિર્ણય લીધો છે અને રાજ્યમાં ૨૦૦ લોકોને લગ્નપ્રસંગમાં હાજરી આપવાની છૂટ આપવામાં આવી છે. જોકે એના માટે કોવિડ-૧૯ની ગાઈડલાઈન્સનું પાલન કરવું પડશે. હવે તમે પહેલાંની જેમ ધામધૂમથી લગ્ન કરી શકશો. લગ્ન સમારંભોમાં ૨૦૦થી વધુ મહેમાનોને આમંત્રિત કરી શકાશે. ઈચ્છો તેટલા મહેમાન બોલાવી શકાશે. બસ, તમારે મહેમાનોથી બમણી ક્ષમતાવાળું સમારોહ-સ્થળ શોધવું પડશે, કેમ કે હવે લગ્નમાં કોઈપણ હૉલ કે લગ્નસ્થળની ૫૦ ટકા ક્ષમતા જેટલા મહેમાનો જ બોલાવી શકાશે. કોરોનાના કારણે બંધ રહેલાં સામાજિક, સાંસ્કૃતિક, રાજકીય આયોજનો પણ આ રીતે શરૂ થઈ શકશે. ધારો કે તમે લગ્નમાં ૨૦૦ મહેમાનને આમંત્રિત કરી રહ્યા છો, તો સમારોહ સ્થળની ક્ષમતા ૪૦૦ મહેમાનની હોવી જોઈએ. કોરોનાના પગલે લોકડાઉન અને ત્યાર બાદ અનલોકની પ્રક્રિયા અંતર્ગત અગાઉ રોકાયેલા લગ્ન પ્રસંગોમાં હવે ગતિ આવે એવી શક્યતા છે. રાજયની રૂપાણી સરકારે લગ્ન પ્રસંગમાં હાજર રહેનારની સંખ્યા બમણી કરી દીધી છે, જે અગાઉ માત્ર ૧૦૦ હતી. હવે ૨૦૦ લોકો લગ્નપ્રસંગમાં આવી શકે તેવી છૂટ સરકાર દ્વારા આપવામાં આવી છે. જોકે આ છૂટછાટો આવતીકાલે ૩જી નવેમ્બરથી લાગુ થશે. બંધ હોલના કિસ્સામાં આવા પ્રસંગ માટે હોલની કેપેસિટી ૫૦ ટકા સુધી છૂટ અપાશે.

૨૨ માર્ચે જ્યારે જનતા કર્ફ્યુ લાગુ થયો હતો, એ પહેલાં જ દેશભરમાં રાજ્ય સરકારોએ ધાર્મિક, સાંસ્કૃતિક, એકેડમી, રમત-ગમત, મનોરંજન અને રાજકીય આયોજન પર પ્રતિબંધ લગાવી દીધો હતો. હવે એને ૨૧ સપ્ટેમ્બરે શરૂ કરવાની પરવાનગી અપાઈ હતી. ઓપન એર થિયેટરને પણ ૨૧ તારીખથી ખોલવાની છૂટ અપાઈ હતી, પણ આ કાર્યક્રમોમાં કેટલીક શરતો સાથે છૂટ હતી, જેમાં પ્રસંગોમાં ૧૦૦થી વધારે લોકો ભેગા નહીં થઈ શકે. પ્રસંગમાં હાજરી આપનારે માસ્ક પહેરવું ફરજિયાત હતું. ત્યાં સોશિયલ ડિસ્ટન્સિંગના ઉપાય કરવા જરૂરી હતા. ઉપરાંત આવી જગ્યાએ થર્મલ સ્ક્રીનિંગ અને હેન્ડ સેનિટાઈઝર કે હેન્ડ વોશની સુવિધા રાખવી ફરજિયાત હતી.

## તંત્રી સ્થાનેથી......

રાજ્ય સરકાર દ્વારા લઘુત્તમ ટેકાના ભાવે ખરીફ માર્કેટીંગ સીઝન - ૨૦૨૦-૨૧ અંતર્ગત ડાંગર, મકાઈ અને બાજરીની ખરીદી આગામી તાઃ ૧૬-૧૦-૨૦૨૦ થી તાઃ ૩૧-૧૨-૨૦૨૦ દરમ્યાન ગુજરાત રાજ્ય નાગરીક પુરવઠા નિગમ લી. ના ડાંગર / મકાઈ માટે લુણાવાડા, સંતરામપુર.વિરપુર, બાલાસિનોર, તથા ખાનપુર તાલુકા માટે અંબિકા એનીમલ્સ ફીડસ ગામ ચારણના દહેગમડા તથા બાજરી માટે વિરપુર, બાલસિનોર ગોડાઉન કેન્દ્રો ખાતે તથા ખાનપુર તાલુકા માટે અંબિકા એનીમલ્સ ફીડસ ગામ ચારણના દહેગમડા ખરીદ કેન્દ્ર ઉપર થવાની છે. ત્યારે લઘુત્તમ ટેકાના ભાવે પાકનું વેચાણ કરવા ઈચ્છુક ખેડુતો માટે રજીસ્ટ્રેશનની મુદતમાં વધારો કરાયો છે. જે અંતર્ગત ખેડુતો આગામી તા -૧૦ મી નવેમ્બર સુધી રજીસ્ટ્રેશન કરાવી શકશે. સરકાર દ્વારા લઘુત્તમ ટેકાના ભાવે ડાંગર, મકાઈ અને બાજરીની ખરીદી પુરવઠા નિગમનાં કેન્દ્રો પર થવાની છે. જે અંતર્ગત મહિસાગર જીલ્લાના જે પણ ખેડુતો પોતાના ડાંગર, મકાઈ અને બાજરીના પાકનું લઘુત્તમ ટેકાના ભાવે વેચાણ કરવા ઈચ્છુક હોય તેવા ખેડુતોએ ગુજરાત રાજ્ય નાગરીક પુરવઠા નિગમ લી. તાલુકા ગોડાઉન ખાતે અગાઉ તા-૨૯/૧૦/૨૦૨૦ સુધીમાં નોંધણી કરાવવાની હતી. જો કે હાલની પરિસ્થિતિને ધ્યાનમાં લઈ સરકારશ્રી દ્વારા આ મુદતમાં વધારો કરી તા-૧૦/૧૧/૨૦૨૦ સુધીમાં ખેડુતો નોંધણી કરાવી શકશે. તે માટે નોંધણી કરાવવા તમામ ખેડૂતોને જાણ કરવામાં આવે છે. નોંધણી માટે જરૂરી પુરાવા જેવા કે આધાર કાર્ડની સેલ્ફ એટેસ્ટેટ નકલ, આધાર નોંધણી નંબર અને તે અંગેનો પુરાવો અધ્યતન ઓરીજનલ ગામ નમુનો નંબર-૭/૧૨, ૮/અ રેકોર્ડ્સની નકલ, ફોર્મ નંબર ૧૨ માં પાક વાવણી અંગે એન્ટ્રી ના થઈ હોઈ તો પાક વાવ્યા અંગેનો તલાટીનો સહી સિક્કા સાથેનો ઓરીજનલ દાખલો, ખેડુતોના નામે IFSC કોડ સહિતની બેંક એકાઉન્ટની વિગતો માટે બેંક પાસબુકની નકલ અથવા કેન્સલ ચેકની ઓરીજનલ નકલ સાથે લાવવાના રહેશે. ખેડુતોને તેમનો જથ્થો સાફ - સુફ તથા ચારણો કરી તેમજ તેમાં ભેજનું પ્રમાણ નિયત મર્યાદામાં રહે તે માટે જરુરી જણાયે તડકામાં સુકવી ખરીદ કેન્દ્ર ખાતે લાવવાનો રહેશે. જેથી ખેડૂતોનો જથ્થો અસ્વિકૃત ન થાય રજીસ્ટ્રેશન બાબતે કોઈ મુશ્કેલી જણાય તો જે - તે તાલુકાના સરકારી અનાજ ગોડાઉન કેન્દ્રના ગોડાઉન મેનેજરશ્રીનો રૂબરૂ સંપર્ક કરવાનો રહેશે. તેમ નાયબ જિલ્લા મેનેજરશ્રી, ગુજરાત રાજ્ય નાગરીક પુરવઠા નિગમ લી.મહીસાગરની અખબારી યાદીમાં જણાવાયું છે.

# પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર૧ ડીટવાસના ઉપક્રમે હેલ્થ એન્ડન વેલનેસ કેન્દ્રિ ઝાલાસાગ ખાતે રક્તદાન કેમ્પ૧ યોજાયો



## રક્તદાન કેમ્પયમાં ૬૦ રક્તદાતાઓએ પોતાના રક્તનું દાન કરી રક્તદાન-મહાદાન મંત્રને સાર્થક કર્યો

કમલમ દૈનિક, લુણાવાડા

કોરોના વાયરસની વૈશ્વિક મહામારી વચ્ચે પણ જિલ્લાની એનેમીક સગર્ભા મહિલાઓને તેમજ થેલેસેમિયાના દર્દીઓ સાથે કોરોનાના દર્દીઓને નિઃશુલ્ક ધોરણે અવિરતપણે રક્ત મળી રહે અને રક્તના અભાવે નિરોગી થવામાં અવરોધ ઉભો ન થાય તે માટે જિલ્લાન આરોગ્યવ તંત્ર દ્વારા જિલ્લાતમાં અવાર-નવાર રકતદાન શિબિરોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જિલ્લા કલેકટર શ્રી આર.બી.બારડ અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી નેહા કુમારીના માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડૉ. એસ. બી. શાહની રાહબરીમાં ડીટવાસ પ્રાથમિક આરોગ્યય કેન્દ્રઓના ઝાલાસાગ હેલ્થિ એન્ડ વેલનેસ કેન્દ્ર ખાતે શ્રીડૉ. સુભાષ ઢાંકા, કોમ્યુનીટી હેલ્થ ઓફિસરશ્રી તુષાર પટેલ તથા તેમની આરોગ્યહ ટીમ અને રેડક્રોસ સોસાયટી, ગોધરાના ઉપક્રમે રક્તદાન કેમ્પ યોજાઈ ગયો.

ઝાલાસાગ ખાતે યોજાયેલ રકતદાન કેમ્પસમાં ૬૦ રકતદાતાઓએ પોતાના રક્તનું દાન કરીને કોરોના સામેની લડતમાં પોતાનું યોગદાન આપી ઉત્તમ ઉદાહરણ પૂરૂં પાડી રકતદાન-મહાદાનના મંત્રને સાર્થક કર્યો હતો. આ રકતદાન કેમ્પમાં કોરોના વાયરસના સંક્રમણને નિયંત્રણમાં રાખવા માટેના સરકારની ગાઈડલાઈનનું અને દિશાનિર્દેશોની સાથે ફરજિયાત માસ્કનો ઉપયોગ તેમજ સામાજિક અંતર જાળવવાનું સંપૂર્ણપણે પાલન કરવામાં આવ્યું હતું. આ રક્તદાન કેમ્પનું ખૂબજ કાળજીપૂર્વક અમલીકરણ કરવામાં આવ્યું હતું જેથી કોઈ પણ રક્તદાતાને કોરોના વાયરસનો ચેપ ન લાગે તે માટે દરેક ડોનરને નવી બેડશીટ પાથરીને જ રક્તદાન કરાવવામાં આવ્યું હતું. આ રક્તદાન કેમ્પમાં ૬૦ બ્લડ યુનીટનું કલેક્શન કરવામાં આવ્યું હતું.

રકતદાતાઓ જ્યારે કેમ્પના સ્થળે આવ્યા ત્યારે તેમને થર્મલ ગનથી આરોગ્ય તપાસ કરી તેમના હાથ સાફ કરવા માટે હેન્ડવોશ તેમજ સેનેટાઈઝરની વ્યવસ્થા કરવામાં આવી હતી. જ્યારે સિનિયર મેડિકલ ઓફિસર શ્રી બિરેન્દ્રસીંગે રકતદાન કેમ્પમાં કોરોનાને ધ્યાને લઈ સાવચેતીના તમામ પગલા સુનિશ્ચિત કરવાની સાથે રકતદાતાઓને બેડશીટ બદલવાની અને તમામ સામગ્રી જંતુરહિત રહે તેનું સુચારૂં આયોજન કર્યુ હતું. સાથે આ રકતદાન કેમ્પમાં રકતદાન કરનાર દરેક રકતદાતાને રેડક્રોસ સોસાયટી પંચમહાલ દ્વારા પ્રમાણપત્ર આપવામાં આવ્યાક હતા. આ રકતદાન કેમ્પા દરમિયાન રકતદાતાઓને માસ્કત પહેર્યા વિના ઘરની બહાર નહીં નીકળવા દરેકથી ઓછામાં ઓછું છ(૬) ફૂટનું અંતર જાળવવા, વારંવાર સાબુથી હાથ ધોવા કે સેનેટાઈઝરનો ઉપયોગ કરવા તથા તેમની અને તેમના સ્વાજનોની રોગપ્રતિકારક શકિત વધારવા આયુષની ઉપચાર પધ્ધગતિઓ અપનાવવા અને યોગ-વ્યાનયામ ઈત્યાદિથી જીવનશૈલી સુધારવા તથા પરિવાર અને સમાજના વડીલો, બાળકો અને બિમાર લોકોની વિશેષ કાળજી રાખવા અંગે સમજ આપી આ સંદેશો જનજન સુધી પહોંચાડવા જણાવાયું હતું.


# જંગલમાં રહેતા સજીવોમાં કુલ ૧૭ લાખ વાયરસ હોવાનો અંદાજ: રિપોર્ટ

કમલમ દૈનિક,

કોરોના વાયરસ વન્યજીવોમાંથી મનુષ્યોમાં આવ્યો છે. જંગલી જીવોમાંથી મનુષ્યોને વાયરસનો ચેપ લાગે એ કોઈ જ નવી વાત નથી. પરંતુ કોરોનાએ વાયરસ કેટલો ઘાતક હોય છે તે સાબિત કરી આપ્યું છે. આ બધાની વચ્ચે 'ઈન્ટરગવર્મેન્ટલ સાયન્સ પોલિસી પ્લેટફોર્મ ઓન બાયોડાઈવર્સિટી એન્ડ ઈકોસિસ્ટમ સર્વિસનો રિપોર્ટ રજૂ થયો હતો.


આ આંતરરાષ્ટ્રીય રિપોર્ટ પ્રમાણે જંગલમાં રહેતા સજીવોમાં કુલ મળીને ૧૭ લાખ વાયરસ હોવાનો અંદાજ છે. તેમાંથી ૮.૫ લાખ વાયરસ એવા છે, જે ચેપી છે અને મનુષ્યને ચેપ લાગી શકે છે. બધા વાયરસો કોરોના જેવા ન હોય તો પણ એકાદ વાયરસનો ચેપ પણ મનુષ્યને ભારે પડી શકે એમ છે.

આ રિપોર્ટ દ્વારા વિશ્વને સાવધાન કરવામાં આવ્યું છે. કેમ કે વિકાસ કાર્યોના નામે જંગલો કપાઈ રહ્યા છે અને વન્યજીવોના રહેઠાણો ઓછા થઈ રહ્યા છે. પરિણામે જે સજીવો અગાઉ ભાગ્યે જ મનુષ્યના સંપર્કમાં આવતા હતા એ હવે સરળતાથી મનુષ્યના સંસર્ગમાં આવવા લાગ્યા છે. પરિણામે ચેપ લાગવાનું પ્રમાણ પણ વધી રહ્યું છે. ઉલ્લેખનીય છેકે છેલ્લી એક સદીમાં કુલ ૬ મોટા વિશ્વવ્યાપી રોગચાળા નોંધાયા છે અને આ તમામ રોગળાચા જંગલી જીવોમાંથી આવ્યા છે. આ વાયરસ ફેલાવાથી અર્થતંત્રને કરોડો-અબજો ડૉલરનું નુકસાન થતું હોય છે. કોરોના પછીય જો જંગલો કાપવાનું અને વન્યજીવોને છંછેડવાનું બંધ નહીં થાય તો ભવિષ્યમાં વધુ વાઈરસ મનુષ્યના શરીરમાં પ્રવેશી ચેપ લગાડી શકે એમ છે તેમાં કોઈ જ શંકાનું સ્થાન નથી.



# દાહોદ કલેક્ટર કચેરીના કર્મયોગી શ્રી કેનથ ડામોરનું કોરોનાથી અવસાન થતા શ્રદ્ધાંજલિ અપાઈ





કમલમ દૈનિક, દાહોદ,

દાહોદ કલેક્ટર કચેરીના હિસાબી શાખામાં કારકુન તરીકે ફરજ બજાવતા શ્રી કેનથ ડામોરનું કોરોના સંક્રમણથી ગત શનીવારે દુઃખદ અવસાન થતાં જિલ્લા સેવા સદન, દાહોદ ખાતે કલેક્ટર શ્રી વિજય ખરાડી, નિવાસી અધિક કલેક્ટર શ્રી એમ.જે. દવે સહિતના અધિકારીઓ-કર્મચારીઓએ તેમને હાર્દિક શ્રદ્ધાંજલિ આપી હતી. આ શોકના પ્રસંગે કલેક્ટર શ્રી વિજય ખરાડીએ જણાવ્યું કે, શ્રી ડામોર એક નિષ્ઠાવાન, ફરજપસ્ત કર્મચારી હતા. તેમના ગત શનીવારે થયેલા અવસાન માટે હું શોકની લાગણી વ્યક્ત કરૂ છું અને એમના પરીવારજનો પર આવી પડેલા દુખને સહન કરવાની પ્રભુ શક્તિ આપે એવી પ્રાથના કરૂ છું. કલેક્ટરશ્રી ખરાડીએ સદગતના શોકસંતૃપ્ત પરિવારજન પ્રત્યે પણ દિલસોજી વ્યક્ત કરી છે અને તેમને મળવાપાત્ર સરકારી સહાય ત્વરાથી મળે એવી કાર્યવાહી કરવા સંબંધિતોને સૂચના આપી છે. વહીવટી તંત્ર માટે દરેક દરેક કર્મચારી ખૂબ મહત્વનો છે. કોરોના સામેની લડાઈ જીતવા માટે જીવતા રહેવું અને મક્કમપણે સાવધાની સાથે કોરોનાનો મુકાબલો કરવો એ ખૂબ જરૂરી છે. દરેક કર્મચારી કોરોના સામેની બધીજ સાવચેતીનું ફરજીયાત પાલન કરે. કોરોનાના કોઈ પણ લક્ષણ જણાય તો તુરત ટેસ્ટ કરાવી લેવો. કોરોનાની કેટલીક બાબતોથી આપણે સાવ અજાણ છીએ. હાઈપોક્સીયામાં શરીરમાં સીત્તેર ટકા સુધી ઓક્સીજન ઘટી જાય છે અને દર્દીને બચાવવો ખૂબ મુશ્કેલ બની જાય છે. ફ્ન્ટલાઈન કોરોના વોરિયર્સ તરીકે જયારે કર્મચારીઓ કામ કરી રહ્યા છે ત્યારે ટેસ્ટ ઈઝ બેસ્ટ મંત્ર હંમેશા યાદ રાખો અને કોઈ પણ લક્ષણ જણાય તો તુરત ટેસ્ટ કરાવો.

# મહીસાગર જિલ્લા પંચાયત હોલ ખાતે નિવાસી અધિક કલેક્ટરશ્રીનાઅધ્યક્ષ સ્થાને વિવિધ વિભાગના અધિકારીશ્રીઓ/કર્મચારીઓ માટે ડિઝાસ્ટર મેનેજમેન્ટ તાલીમ કાર્યક્રમ યોજાયો









કમલમ દૈનિક, લુણાવાડા,

ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટી (GSDMA) ગાંધીનગર, મહીસાગર જિલ્લા કલેક્ટર કચેરી તથા જિલ્લા પંચાયત મહીસાગર અને બ્રહ્મ સમાજ સેવા ટ્રસ્ટ મહેસાણા સંયૂકત ઉપક્રમે મહીસાગર જિલ્લાના વિવિધ વિભાગ જેવા કે પંચાયતી રાજ, શિક્ષણ ,શહેરી અને ગ્રામ વિકાસ તથા આરોગ્ય વિભાગના અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ માટે ડિઝાસ્ટર મેનેજમેન્ટ અંગેની ૨૦ દિવસની અલગ - અલગ વિભાગની તાલીમ કાર્યક્રમનુ આયોજન કરવામાં આવેલ છે.જે અંતર્ગત શરૂ થતા તાલીમ કાર્યક્રમ નો સવારે ૧૦:૩૦ કલાકે જિલ્લા પંચાયત હોલ ખાતે નિવાસી અધિક કલેકટરશ્રી શ્રી આર.આર ઠક્કરનાવરદ્ હસ્તે દિપ પ્રાગટય કરી કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો હતો અને અધિકારીશ્રીઓ/ કર્મચારીશ્રીઓ માટે ડિઝાસ્ટર મેનેજમેન્ટ તાલીમ કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. પ્રથમ દિવસની તાલીમમાં શિક્ષણ વિભાગના અધિકારીશ્રીઓ/ કર્મચારીઓ ને આપત્તિ વ્યવસ્થાપનમાં રાખવાની તકેદારી અંગેની તાલીમ આપવામાં આવી હતી.

જેમાં શાળાઓમાં આપત્તિ અંગેની સલામતીના પાઠ શીખવવામાં આવશે. આ તાલીમ કાર્યક્રમમાં નિવાસી અધિક કલેકટરશ્રી શ્રી આર.આર ઠક્કરેજણાવ્યું હતુ કે આવતી કુદરતી આફતોને આપણે રોકી નથી શકતા પણ આફતોનો સામનો કરી આપત્તિ વ્યવસ્થાપન કરી તેમાં થનાર નુકશાનને આપણે ઓછું કરી શકીએ આફતી સમયે શું કરવું તેની જાણકારી માટે આ તાલીમ કાર્યક્રમો વિવિધ વિભાગના અધિકારીશ્રીઓ/કર્મચારીઓ માટે ઘણાં ઉપયોગી નિવડશે વધુમાં નિવાસી અધિક કલેકટરશ્રીએ જણાવ્યું કે કોરોના સમયમાં ફરજીયાત માસ્ક પહેરવું,સોશિયલ ડિસ્ટન્સ જાળવવું અને વારંવાર હાથ સાફ રાખવા પર ખાસ ભાર મુકયો હતો. આ તાલીમમાંજિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીશ્રીવાય એચ પટેલ, પ્રાથમિક શિક્ષણ અધિકારીશ્રી કિરીટભાઈ પટેલ, ડિઝાસ્ટર મેનેજમેન્ટ ડિ.પી.ઓશ્રી જિગર મકવાણા ઉપસ્થિત રહ્યા હતા.

# WHO ના ચીફ કોરોના દર્દીના સંપર્કમાં આવતા ક્વોરન્ટાઇન થયા

## નિયમોનું પાલન કરીશું તો જ સંક્રમણને ફેલાતો રોકી શકીશું: અધનોમ







કમલમ દૈનિક, ન્યૂયોક

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના ડાયરેક્ટર જનરલ ટેડ્રસ અધનોમે જણાવ્યું હતું કે કોરોનાના એક રોગીના સંપર્કમાં આવ્યા પછી હું ક્વોરન્ટાઈનમાં છું. જો કે તેમણે એવો પણ દાવો કર્યો હતો કે મારા શરીરમાં કોરોનાના એક પણ લક્ષણ જોવા મળ્યા નથી.

સોશ્યલ મિડિયા પર અધનોમે લખ્યું, કોવિડ ૧૯નો ભોગ બન્યો હોય એવા એક રોગીના સંપર્કમાં હું આવી ગયો હોવાની મને જાણ થતાં હું સ્વયં ક્વોરન્ટાઈનમાં આવી ગયો છું. જો કે મારા શરીરમાં કોરોનાનું એક પણ લક્ષણ હજુ સુધી જોવા મળ્યું નથી.

તેમણે માનવજાતને એવી હાકલ કરી હતી કે આ મહામારીના સમયમાં ડૉક્ટરોએ આપેલી સૂચના અને દિશાનિર્દેશનું પાલન કરીને સૌ સાજા સારા રહો, જેથી આ રોગચાળો કાબુમાં લઈ શકાય. કોરોનાગ્રસ્ત વ્યક્તિના સંપર્કમાં આવ્યા પછી ઓછામાં ઓછા ૧૪ દિવસ ક્વોરન્ટાઈનમાં રહેવાની ફરજ પડે છે. હેલ્થ કેર સિસ્ટમ પર કામનું દબાણ ઘટે એટલા માટે પણ આપણે સૌએ અગમચેતી રાખવી જરૂરી છે.

અધનોમે વધુમાં લખ્યું કે અગમચેતીનું પાલન કરીને આપણે સૌ કોવિડ ૧૯ના સંક્રમણની શૃંખલાને તોડી શકીશું. વાઈરસને અટકાવી શકીશું અને હેલ્થ કેર સિસ્ટમ પરના કામના બોજાને ઓછો કરી શકીશું. હું અને મારા સાથીદારો કમજોર લોકોને સંરક્ષણ આપવા અને વધુ જાનહાનિ થતી રોકવા કટિબદ્ધ છીએ.

અત્યાર સુધીમાં સમગ્ર વિશ્વમાં સાડા ચાર કરોડથી વધુ લોકો કોરોનાની ચપેટમાં આવી ચૂક્યા હતા અને ૧૨ લાખથી વધુ લોકો મરણ પામ્યા હતા. એકલા અમેરિકામાં એક કરોડથી વધુ લોકો ચેપગ્રસ્ત થયા હતા.

# અરવલ્લી એલસીબીએ શેવરોલેટ કારમાંથી ૯૧ હજારના વિદેશી દારૂ સાથે એક પરપ્રાંતિય ખેપીયાને ઝડપ્યો.




કમલમ દૈનિક, અરવલ્લી

અરવલ્લી જીલ્લાના પોલીસ તંત્રએ દેશી વિદેશી દારૂની રેલમછેલ રોકવા કમર કસી છે. રોજે રોજ જીલ્લા માં વિદેશી દારૂ પકડાવાનો સિલસિલો જારી રહ્યો છે. ટોલટેક્સ પરની પોલીસને ચકમો આપીને મોડાસા રૂરલ પોલીસ મથક વિસ્તારમાં પ્રવેશેલા એક પરપ્રાંતિય શેવરોલેટ કારચાલક ખેપીયાને વિદેશી દારૂની ૧૯ પેટીઓ સાથે ૯૧,૨૦૦/-ના વિદેશી દારૂ સાથે ઝડપી પાડયાના અહેવાલ પ્રાપ્ત થયા છે. વધુ પોલીસ સુત્રો પાસેથી પ્રાપ્ત માહિતી મુજબ, અરવલ્લી એલસીબી પોલીસ ઈન્સ્પેક્ટર આર કે પરમાર અને સ્ટાફના માણસો અનિલકુમાર અંબાલાલ, ઈમરાનખાન નજામીયાં, સંજયકુમાર, પ્રમોદચંદ્ર પ્રમોદચંદ્ર સુખદેવપ્રસાદ, પ્રવિણસિહ વિગેરે આજરોજ મોડાસા રૂરલ પોલીસ મથક વિસ્તારમાં પેટ્રોલીંગમાં વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા ત્યારે, રાજસ્થાન તરફથી એક શેવરોલેટ કાર ટોલટેક્સ કર્મચારીઓને ચકમો આપીને આવી પહોંચતાં તેને રોકી ઝડતી લેતાં ભારતીય બનાવટની વિદેશી દારૂની પેટીઓ નંગ. ૧૯. ક્વાર્ટરીયા /પાઉચ નંગ. ૯૧૨. કિંમત રૂપિયા ૯૧,૨૦૦/- કારની કિંમત રૂપિયા ૨, ૦૦, ૦૦૦/- મળી કુલ મુદ્દામાલ રૂપિયા ૨,૯૧,૨૦૦/- એક પરપ્રાંતિય ખેપીયો દિનેશભાઈ આશુરામ મેવાડા (કલાલ) રહે. કલાલખડી તા. રાયપુર. જી. ભિલવાડા રાજસ્થાનની ધરપકડ કરી મોડાસા રૂરલ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોડાસા મામલતદાર સહીત ત્રણ કર્મી કોરોનાગ્રસ્ત :જનસેવા અને ઈધરા કેન્દ્રનું કામકાજ સ્થગીત





કમલમ દૈનિક, અરવલ્લી

અરવલ્લી જિલ્લામાં કોરોનાનું સંક્રમણ દિવસેને દિવસે વધી રહ્યું છે વ્યાપક છૂટછાટ બાદ લોકો માસ્ક પહેરતા નથી અને સોશ્યલ ડિસ્ટન્સ લીરેલીરા ઉડાડતા કોરોના સતત વધી રહ્યો છે કોરોના સંક્રમણને અટકાવવા તંત્ર નબળું સાબિત થયું છે અરવલ્લી જીલ્લા સેવાસદન કચેરી પરિસરમાં આવે મામલતદાર કચેરીના મામલતદાર સહીત ત્રણ કર્મચારીઓને કોરોના પોઝેટીવ આવતા તાત્કાલીક અસરથી જનસેવા કેન્દ્ર અને ઈધરાનું કામકાજ બંધ કરી દેવામાં આવ્યુ છે જીલ્લા સેવાસદનમાં અરજદારોનો ધસારો રહેતો હોવાથી કામકાજ સ્થગીત કરવાના આવ્યું છે. જિલ્લા કલેકટર કચેરી ખાતે શહેર અને ગ્રામ્ય મામલતદાર અંતર્ગત જનસેવા કેન્દ્ર કાર્યરત્ છે. મોડાસા શામળાજી રોડ ઉપર આવેલ જિલ્લા સેવાસદનના ભોંયતળિયા ઉપર ચાલતા આ જનસેવા અને ઈધરા કેન્દ્રમાં કામકાજ અર્થે તેમજ એફિડેવીટ કરાવવા માટે,આવકના દાખલ, જાતિના દાખલા વગેરે કાર્યો માટે જિલ્લામાંથી અસંખ્ય નાગરિકો સવારથી ઉમટી પડતા હોય છે. પરંતુ અરવલ્લી જિલ્લામાં ને ખાસ કરીને મોડાસા શહેરમાં કોરોનાનું સંક્રમણ ફરીથી રોકેટ ગતિએ ફાટી નીકળેલા કોરોના મહામારીનું સંક્રમણ ચિંતાજનક બન્યું છે ત્યારે મામલતદાર સહીત ત્રણ કર્મચારીઓ કોરોના સંક્રમીત થતા અરજદારોમાં ફફડાટ ફેલાયો છે આરોગ્ય તંત્રએ મામલતદાર કચેરીને સેનેટાઈઝ કરી અન્ય કર્મચારીઓના કોરોના રેપિડ ટેસ્ટ કરાવવા તજવીજ હાથધરી હતી મોડાસા મામલતદાર અરુણદાન ગઢવી અને તેમની પત્ની પણ કોરોના સંક્રમીત થતા મોડાસાની કોવીડ હોસ્પિટલમાં સઘન સારવાર ચાલુ કરી દેવામાં આવી છે

# આકરૂંદ ક્ષત્રિય સમાજનું ગૌરવ



કમલમ દૈનિક, અરવલ્લી

અરવલ્લી જીલ્લાના ધનસુરા તાલુકાના આકરૂંદ ગામના રહીશ હાલ શિવમ પાર્ક, બાયડ ખાતે રહેતા અજીતસિંહ કેશવસિહ પરમાર અને નિતાબેન પરમાર બંને શિક્ષક ભજપુર પ્રાથમિક શાળાના સુપુત્ર હર્ષિદસિહ પરમારે ચાલું વર્ષે ધોરણ - ૧૨ સાયન્સ પછી લેવાયેલ મેડિકલ પ્રવેશ માટેની પરીક્ષા નિટની પરીક્ષામાં ૭૨૦ ગુણમાંથી ૫૯૬ ગુણ મેળવી ક્ષત્રિય સમાજ તેમજ આકરૂંદ ગામનું ગૌરવ વધારતાં આકરૂંદ ગામના લોકોએ અભિનંદન પાઠવ્યા હતા.

# ઈન્ટર-પાર્લામેન્ટરી યુનિયન ની ગવર્નીંગ કાઉન્સીલના ઓપનીંગ સેશનમાં નવી દીલ્હીથી ભાગ લેતા ૧૨-જામનગર લોકસભાના સંસદસભ્ય શ્રી પૂનમબેન માડમ





## સાંસદ શ્રી પૂનમબેન માડમ IPU ના ઈન્ડીયન પાર્લામેન્ટરી ડેલીગેટમાં પસંદ થતા જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાનુ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે ગૌરવ વધ્યુ




કમલમ દૈનિક, જામનગર

૧૨-જામનગર લોકસભાના સંસદસભ્ય શ્રી પૂનમબેન માડમએ નવી દીલ્હી ખાતેથી સંસદભવન ના એનેક્સે બીલ્ડીંગમાંથી વિડીયો કોન્ફરન્સ દ્વારા,લોકસભાના સ્પીકર શ્રી ઓમ બિરલાજી સાથે ઈન્ટર-પાર્લામેન્ટરી યુનિયન ( IPU)ના ગવર્નીંગ કાઉન્સીલના ૨૦૬ માં ઓપનીંગ સેશનમાં ભાગ લીધો હતો આ આંતરરાષ્ટ્રીય સેશન માટે ઈન્ડીયન પાર્લામેન્ટરી ડેલીગેટ તરીકે પસંદ થતા સંસદસભ્ય શ્રી પૂનમબેન માડમએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાનુ ગૌરવ વધાર્યુ છે

કેમકે હાલારના બંને જિલ્લાના પ્રજાપ્રતિનિધી તરીકે આ સેશનમાં ભાગ લીધો તે સમગ્રપણે ગૌરવપ્રદ બની રહ્યુ છે આ સેશનમાં રાજ્યસભાના સાંસદ શ્રી સ્વપનદાસ ગુપ્તા ,લોકસભાના જનરલ સેક્રેટરી શ્રી સ્નેહલતાજી પણ જોડાયા હતા.

ઈન્ટર-પાર્લામેન્ટરી યુનિયન,રાષ્ટ્રીય સંસદનું આંતરરાષ્ટ્રીય સંગઠન છે તેનો મુખ્ય હેતુ લોકશાહી શાસન-જવાબદારી અને તેના સભ્યોમાં સહકારને પ્રોત્સાહન આપવાનો છે જેનુ મુખ્ય મથકજિનીવા (સ્વિટ્ઝર્લેન્ડ) માં છે જેની સ્થાપના ૧૮૮૯ માં ઈન્ટર-પાર્લામેન્ટરી (આંતર સંસદીય) તરીકે થઈ હતી અને હાલ ૧૭૯ દેશોની રાષ્ટ્રીય સંસદ આઈપીયુના સભ્ય છે.

આઈપીયુ ની આંતરરાષ્ટ્રીય કાયદા અને સંસ્થાઓના વિકાસમાં અગ્રણી અને મહત્વની ભૂમિકા છે સાથે સાથે ઈન્ટરનેશનલ લૉ અને ઈન્સ્ટીટ્યુશન ડેવલપ કરવાનો મેઈન રોલ છે જેમાં આર્બિટ્રેશનની કાયમી અદાલત, લીગ નેશન્સ અને સંયુક્ત રાષ્ટ્રનો સમાવેશ થાય છે તે આંતરરાષ્ટ્રીય પરિષદો અને મંચોમાં પ્રાયોજિત કરે છે અને ભાગ લે છે

અને યુનાઈટેડમાં કાયમી નિરીક્ષકની સ્થિતિ ધરાવે છે. આવા આંતરરાષ્ટ્રીય મહત્વ ધરાવતા સંઘ ની ગર્વનીંગ કાઉન્સીલના ઓપનીંગ સેશનમાં ૧૨-જામનગર લોકસભાના સંસદસભ્ય શ્રી પૂનમબેન માડમ એ વિવિધ આંતરરાષ્ટ્રીય મુદાઓના પરામર્શમા સક્રિય ભાગ લઈ સમગ્ર જામનગર સંસદીય વિસ્તારનું ગૌરવ વધાર્યુ છે.

તારીખ ૧ નવેમ્બર થી ૪ નવેમ્બર સુધીનુ ચાર દિવસનુ આ એકસ્ટ્રા ઓર્ડીનરી વર્ચ્યુઅલ સેશન કોરોના મહામારીના સંદર્ભમા વિડીયો કોન્ફરન્સીંગથી યોજાયુ જેમાં પ્રથમ દિવસે નવા પ્રેસીડન્ટની પસંદગી માટે વોટીંગ હતુ જેમાં ઈન્ડીયન પાર્લામેન્ટરી ડેલીગેટ તરીકે સ્પીકર શ્રી ઓમ બિરલાજી, લોકસભા સાંસદ શ્રી પૂનમબેન માડમ અને રાજ્યસભા સાંસદ શ્રી સ્વપ્ન દાસ ગુપ્તાએ વોટીંગ કર્યુ હતુ

# કેન્દ્ર સરકારે સ્પેશિયલ બોરોઈંગ વિન્ડો હેઠળ જીએસટી વળતરના ભાગરૂપે ૧૬ રાજ્યો અને 3 કેન્દ્ર શાસિત પ્રદેશોને બીજા હપ્તા સ્વરૂપે ૬,૦૦૦ કરોડ હસ્તાંતરીત કર્યા

## નાણાં મંત્રાલયે રાજ્યો / કેન્દ્રશાસિત પ્રદેશોને સ્પેશિયલ બોરોઈંગ વિન્ડો હેઠળ આજદિન સુધી ૧૨,૦૦૦ કરોડ રૂપિયાની લોનની સુવિધા આપી છે




કમલમ દૈનિક,

ભારત સરકારના નાણા મંત્રાલયે તેના " જીએસટીના વકરામાં થતાં ઘટાડાને દૂર કરવા માટે વિશેષ ઋણ લેવાની વિંડો" અંતર્ગત ૧૬ રાજ્યો અને ૩ કેન્દ્ર શાસિત પ્રદેશોને આજે બીજા હપ્તા સ્વરૂપે ૬૦૦૦ કરોડની રકમ હસ્તાંતરિત કરશે. આ રકમ ૪.૪૨ ટકા જેટલી ભારિત સરેરાશ ઉપજ પ્રમાણે વધારી હતી. આ રકમ એક સમાન વ્યાજ દરે રાજ્યો / કેન્દ્રશાસિત પ્રદેશોને આપવામાં આવશે, જે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો માટેના ધિરાણ લેનારા ખર્ચ કરતા ઓછા છે, આમ તેમને લાભ થશે.

નાણાં મંત્રાલયે રાજ્યો / કેન્દ્રશાસિત પ્રદેશોને સ્પેશિયલ બોરોઈંગ વિન્ડો આજદિન સુધી ૧૨,૦૦૦ કરોડ રૂપિયાની લોનની સુવિધા આપી છે. આજ સુધીના ૨૧ રાજ્યો અને ૩ કેન્દ્ર શાસિત પ્રદેશોએ વિકલ્પૈં હેઠળ સ્પેશિયલ વિન્ડોની પસંદગી કરી છે. ભારત સરકાર દ્વારા ઉધાર લેવામાં આવેલી લોન, જીએસટી વળતર સેસ રીલીઝના બદલામાં, રાજ્યો / કેન્દ્રશાસિત પ્રદેશને સળંગ હસ્તાંતરિત કરવામાં આવે છે. આંધ્રપ્રદેશ, આસામ, બિહાર, ગોવા, ગુજરાત, હરિયાણા, હિમાચલ પ્રદેશ, કર્ણાટક, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, મેઘાલય, ઓડિશા, તામિલનાડુ, ત્રિપુરા, ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, કેન્દ્રશાસિત પ્રદેશો - દિલ્હી, જમ્મુ-કાશ્મીર અને પુડુચેરીને લોન આપવામાં આવી છે.

# સેન્ટ્રલ ગર્વમેન્ટ હેલ્થ સ્કીમ (CGHS) હેઠળ કાર્યરત મણીનગરના વેલનેસ સેન્ટરનું આજે અદ્યતન સુવિધા સાથે લોકાર્પણ કરવામાં આવ્યું




કમલમ દૈનિક,

સેન્ટ્રલ ગર્વમેન્ટ હેલ્થ સ્કીમ (CGHS) હેઠળ કાર્યરત અમદાવાદના મણીનગર ખાતે આવેલા વેલનેસ સેન્ટરનું આજે નવી અધ્યતન સુવિધા સાથે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. પોસ્ટ વિભાગના સીપીએમજી શ્રી બી.પી.સારંગી અને સી.જી.એચ.એસ.ના એડિશનલ ડાયરેક્ટર ડૉ. રાજેશકુમારના હસ્તે આ વેલનેસ સેન્ટરને ફરી શરુ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ડૉક્ટર કે. એમ. યાદવ હાજર રહ્યા હતા. આ વેલનેસ સેન્ટરને રિનોવેટ કરી તેમાં ઓપીડી, લેબ ટેસ્ટીંગ અને ફાર્મસી દવાઓની સુવિધાઓમાં વધારો કરવામાં આવ્યો છે. આ સેન્ટરમાં લાભ લેતા દર્દીઓની સંખ્યા વધવાની સંભાવનાને ધ્યાનમાં રાખીને અધ્યતન સુવિધાઓ સાથે શરૂ કરવામાં આવ્યું છે. આજથી આ વેલનેસ સેન્ટર કેન્દ્ર સરકારના કર્મચારીઓ માટે સેવામાં સક્રિય થશે. સીજીએચએસ સ્વાસ્થ્ય કેન્દ્ર એ કેન્દ્ર સરકારના કર્મચારીઓ માટે તબીબી સેવા પૂરી પડતી સંસ્થા છે, જેમાં સીજીએચએસ કાર્ડ ધરાવનાર તમામ કેન્દ્રીય કર્મચારીઓ અને તેમના પરિવારજનોને સીજીએચએસની તબીબી સેવાનો લાભ મળે છે.






# લોકશાહી પ્રક્રિયાના જતન સંવર્ધન માટે ટીમ ડાંગ રવાના

કમલમ દૈનિક, અમરનાથ જગતાપ, ડાંગ- આહવા

લોકશાહી પ્રક્રિયાના જતન સંવર્ધન માટે સંકલ્પબદ્ધ ટીમ ડાંગના કર્મયોગીઓ ૧૭૩-ડાંગ (અ.જ.જા.) વિધાનસભાની પેટા ચૂંટણી માટે સંપૂર્ણ સાધન, સામગ્રી સાથે સજ્જ થઈ, નિષ્પક્ષ અને ન્યાયી ચૂંટણી માટે આજે રવાના થઈ હતી. આહવાની સરકારી કોલેજ ખાતે ઉભા કરાયેલા ડિસ્પેચિંગ સેન્ટર ખાતે જનરલ ઓબ્ઝર્વર શ્રી દિનેશ પ્રસાદ સહિત, જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી એ.કે.ડામોર, ખર્ચના નોડલ ઓફિસર શ્રી એચ.કે.વઢવાણિયા, પોલિસ અધિક્ષક શ્રી રવિરાજસિંહજી જાડેજા, મેન પાવરના નોડલ શ્રી ટી.કે.ડામોર, એમ.સી.સી. ના નોડલ શ્રી આર.બી.ચૌધરી, ઈવીએમ ના નોડલ શ્રી કે.જી.ભગોરા, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી સી.વી.પટેલ, ચૂંટણી અધિકારી સુશ્રી કાજલ ગામીત, સુરત ઝોનના સંયુક્ત માહિતી નિયામક શ્રી આર.આર.રાઠોડ, એમ.સી.એમ.સી. અને મીડિયા મેનેજમેન્ટ કમિટિના નોડલ શ્રી કે.એસ.પરમાર સહિતના સંબંધિત અધિકારીઓ, કર્મચારીઓ વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# મોરબી પેટા ચૂંટણીનું કાઉન્ટ ડાઉન શરૂ : ઈવીએમ મશીનો મતદાન મથકોએ રવાના કરાયા






કમલમ દૈનિક, મોરબી

મોરબી માળીયા વિધાનસભા બેઠકની પેટા ચૂંટણીને હવે ગણતરીની કલાકો જ બાકી હોવાથી આ પેટા ચૂંટણીનું કાઉન્ટ ડાઉન શરૂ થઈ ગયું છે અને ઘુટુ પાસે આવેલ સરકારી પોલી ટેકનિક કોલેજ ખાતે સુરક્ષા બંદોબસ્ત વચ્ચે રખાયેલા ઈવીએમ મશીનો ત્રણ વિભાગમાં ડીસ્પેચ કરવામાં આવ્યા છે. જેમાં સવારે ૭-૦૦, ૯-૩૦ અને ૧૨-૦૦ કલાકે ડીસ્પેચ કરવામાં આવ્યા હતા તેમજ દરેક મતદાન બુથ પર ઈવીએમ મશીનો સુરક્ષા બંદોબસ્ત વચ્ચે પહોંચાડવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. ૬૫ સંવેદનશિલ મતદાન મથક(૪૦ લોકેશન વાળા) સહિત કુલ ૪૧૨ મતદાન મથકો સંપૂણ ઈવીએમની કીટ આપેલ છે. મોરબી માળીયા વિધાનસભા બેઠકની પેટા ચૂંટણી આવતીકાલે તા.૩ ને મંગળવારે યોજાનાર છે. ત્યારે સ્થાનિક ચૂંટણી તંત્ર દ્વારા ચૂંટણીની કામગીરી તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે અને આજે ઘુંટું પાસે આવેલ સરકારી પોલીટેકનિક કોલેજ ખાતે સુરક્ષા બંદોબસ્ત વચ્ચે રખાયેલા ઈવીએમ મશીનો ડીસ્પેચ કરવામાં આવ્યા છે. જોકે આ વખતે કોરોનાની મહામારીને ધ્યાને લઈને ચૂંટણી અયોગ દ્વારા કોરોના સંદર્ભે ખાસ ગાઈડલાઈન જાહેર કરવામાં આવી છે. આથી ૨૩૦૦ થી વધુના પોલીગ સ્ટાફ સાથે આરોગ્ય કર્મચારીઓ મતદાન બુથ ઉપર ફરજમાં જોડાશે. કોરોનાની ગાઈડલાઈનનું પાલન કરવા માટે દરેક મતદાન બુથ ઉપર આરોગ્ય કર્મચારીઓ તૈનાત રહશે. જેમાં મતદારો માટે અને કર્મચારીઓને હેન્ડ સેનેટાઈઝ, ગ્લોવ્સ, ફેસ શીલ્ડ તથા માસ્ક સહિતની વ્યવસ્થા ગોઠવવામાં આવશે.

•Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. •Printed At :-PAVANPUTRA OFFSET G.I.D.C.,SECTOR-28GANDHINAGAR, GUJARAT- 382028 •Published at A-3, Plot no R-13, Tanishq complex, New greencity, Sector -26, Gandhinagar (gujarat) 382028